SHREE PARTH INFRACORP LTD.

## TO WHOMSOEVER IT MAY CONCERN

I, Pravinbhai A. Kheni director of Shree Parth InfraCorp Limited, declare that we have not taken any kind of loan from any institute or bank on land Revenue Survey no. 157+263 paiki 1, T. P. No. :- 13, Final Plot no. :- 156, Notional Plot No. A, village Adajan, Taluka surat city, Dist. Surat – 395009. In short I declare that we do not have any encumbrance in this project land.

**For Shree Parth Infracorp Limited**

Director

1208/1209, Royal Trade Centre, Opp. Star Bazar,
Hazira Road, Adajan, Surat. Ph.: 0261-2780298 / 6555510
contact@royalprojects.in www.royalprojects.in

# RAMESHBHAI N. PATEL

MAUSAMTEJ BUNGLOW, B/H. RUSHABH TOWER, RANDER ROAD, SURAT – 395009.

## TO WHOMSOEVER IT MAY CONCERN

I, Rameshbhai Naginbhai Patel, declare that we have not taken any kind of loan from any institute or bank on land Revenue Survey no. 157+263 paiki 1, T. P. No. :- 13, Final Plot no. :- 155+156, Notional Plot No. A, village Adajan, Taluka surat city, Dist. Surat – 395009. In short I declare that we do not have any encumbrance in this project land.

# BHARATBHAI N. PATEL

MAUSAMTEJ BUNGLOW, B/H. RUSHABH TOWER, RANDER ROAD, SURAT – 395009.

## TO WHOMSOEVER IT MAY CONCERN

I, Bharatbhai Naginbhai Patel, declare that we have not taken any kind of loan from any institute or bank on land Revenue Survey no. 157+263 paiki 1, T. P. No. :- 13, Final Plot no. :- 155+156, Notional Plot No. A, village Adajan, Taluka surat city, Dist. Surat – 395009. In short I declare that we do not have any encumbrance in this project land.

અરવિંદ એલ. પટેલ

બી.કોમ. એલ.એલ.બી.

Arvind L. Patel

B.com LLB

એડવોકેટ અને નોટરી પબ્લીક

ADVOCATE & NOTARY PUBLIC

OFFI. : 12 to 18,1st floor, Jay Jalaram Shopping Centre,Palanpur Patia, Rander Road, Surat.

ઓ. : ૧૨ થી ૧૮,પહેલો માળ, જયજલારામ શોપીગ સેન્ટર,પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત ☎૨૭૭૮૬૫૯

Date :- 27/12/2017

**TO WHOMSOEVER IT MAY CONCERN**

This is to certify that, **(1) Rameshbhai Naginbhai Patel,** (2) **Bharatbhai Naginbhai Patel & (3) M/s. Shree Parth Infra Corp Ltd**, through it's Director **Pravinbhai Anandbhai Kheni** have not taken any loan from anybody for non agriculture land for Commercial Purpose bearing **BLOCK/ R.S. NO : 157 + 263 Paki 1** admeasuring about **6981 sq.mtrs.** as per original plot, akar Rs. 14.12 Paise of T.P Scheme No. 13 (Adajan), Final Plot No : 156, Notional Plot No - A as per F.P. admeasuring about **5332 sq.mtrs.**

Advocate

અરવિંદ એલ. પટેલ
બી.કોમ. એલ.એલ.બી.
એડવોકેટ અને નોટરી પબ્લીક

Arvind L. Patel
B.com LLB
ADVOCATE & NOTARY PUBLIC

OFFI.:12 To 18,1st floor,Jay Jalaram Shopping Centre,Palanpur Patia,Rander Road,Surat.
ઓ. : ૧૨ થી ૧૮, પહેલો માળ, જય જલારામ શોપીંગ સેન્ટર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત ☎ ૨૭૭૮૬૫૯

તારીખ: ૧૩/૧૨/૨૦૧૭

## TO WHOM SO EVER IT MAY CONCERN

### લાગતા વળગતા તમામ જોગ

વિષય::– ટાઈટલ સર્ટીફીકેટ ::–

સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ–ડીસ્ટ્રીકટ નાં મોજે ગામ : અડાજણના (૧) બ્લોક/સર્વે નં. ૨૨૮ વાળી બિનખેતીની જમીન, જેનું ઓ.પી મુજબનું ક્ષેત્રફળ સુમારે ૯૬૧૧ ચો.મી., આકાર રૂા. ૪૫૨૧.૧૨ પૈસા છે. જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૫, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૦૯૬ ચો.મી. વાળી જમીન તથા (૨) બ્લોક/સર્વે નં. ૧૫૭ + ૨૬૩ પૈકી ૧ વાળી બિનખેતીની જમીન, જેનું ઓ.પી મુજબનું ક્ષેત્રફળ સુમારે ૬૯૮૧ ચો.મી., આકાર રૂા. ૧૪.૧૨ પૈસા છે. જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૬, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૩૩૨ ચો.મી. વાળી જમીન નાં ટાઈટલ અંગેનું પ્રમાણપત્ર.

માનનીય સાહેબશ્રી,

(૧) સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ–ડીસ્ટ્રીકટ ના મોજે : અડાજણના બ્લોક/સર્વે નં. ૨૨૮ વાળી જમીનની ટાઈટલની વિગત એવી છે કે,

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ–ડીસ્ટ્રીકટ ના મોજે : અડાજણના બ્લોક/સર્વે નં. ૨૨૮ વાળી જમીનનાં મુળ સગીર ઈશ્વરલાલ ડાહયાભાઈ તથા નગીનદાસ ડાહયાભાઈ ની માલીકીની ચાલી આવેલ.

ARVIND L. PATEL SURAT. Sign... ADVOCATE

ત્યારબાદ સદરહુ સર્વે નં.૨૨૮ વાળી જમીન સગીર ઈશ્વરલાલ ડાહયાભાઈ તથા નગીનદાસ ડાહયાભાઈના વાલી અમથા હીરાનું નામ ચાલે છે. પરંતુ અમથા હીરાએ વાલીમાંથી પોતાનું નામ કમી કરાવવા જવાબ આપવાથી તેનું નામ વાલીમાંથી કમી કરી સગીર ઈશ્વરભાઈ ડાહયાભાઈ તથા નગીનદાસ ડાહયાભાઈના વાલી તેમની માતા હરખી તે ડાહયા ઈચ્છાની વિધવાનું નામ દાખલ કર્યુ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૬૫૨ થી તા. ૧૫/૦૯/૩૨ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૨૨૮ વાળી જમીન સરકારી રેકર્ડ ઉપર શ્રી ઈશ્વરભાઈ ડાહયાભાઈ તથા નગીનદાસ ડાહયાભાઈના સંયુકત નામે ચાલે છે. સદરહુ જમીન તથા અન્ય જમીનોનો ભાઈ ભાગ પ્રમાણે વહેંચણ થતા સદરહું બ્લોક નંબર વાળી જમીન નગીનભાઈ ડાહયાભાઈના હિસ્સે આવેલ. જે વહેંચણ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૨૪૫૧ થી તા. ૧૩/૦૬/૭૦ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા. ૧૬/૧૦/૧૯૭૦ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહુ સર્વે નં. ૨૨૮ વાળી જમીન નગીનભાઈ ડાહયાભાઈના નામે ચાલે છે. તેઓ અડાજણ મુકામે તા.૦૫/૦૪/૯૧ ના રોજ ગુજરી જવાથી તેમના સીધીલીટીના વારસદારો (૧) નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈની વિધવા, (૨) રમેશભાઈ નગીનભાઈ, (૩) ભરતભાઈ નગીનભાઈ, (૪) ઉષાબેન નગીનભાઈ, (૫) મીનાબેન નગીનભાઈ, (૬) પ્રવિણાબેન નગીનભાઈ ચાલી આવેલા. પરંતુ અનુક્રમ નં.૪ થી ૬ ના ઈસમોએ પોતાના પિતાની મિલકતમાંથી પોતાનો હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે. જેથી તેમની અડાજણ ગામે આવેલ મિલકતમાં અનુક્રમ નં. ૧ થી ૩ ના નામો દાખલ કરવાની નોંધ આવેલ અરજી, પેઢીનામું, પંચકયાસ તથા પક્ષકારોના જવાબ, સંમતિદર્શક જવાબ તથા મરણના દાખલા આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૬૧૦૨ થી તા. ૧૬/૦૭/૯૧ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા. ૧૭/૦૮/૧૯૯૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહુ સર્વે નં ૨૨૮ વાળી જમીન (૧) નીરૂબેન તે નગીનભાઈ ની વિધવા (૨). રમેશભાઈ નગીનભાઈ (૩) ભરતભાઈ નગીનભાઈ ના સંયુકત નામે ચાલે છે સદરહુ જમીન માં રહેઠાણનાં હેતુ માટે જ.મે.કાયદાની કલમ ૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મે. કલેકટર સાહેબ સુરતના હુકમ નં. એ/બખપ/એસ.આર.૧/૦૫-૦૬/વશી ૨૦૨૩ થી ૨૦૩૦/૦૫ તા.૧૯/૧૧/૦૫ થી રહેઠાણના હેતુ માટે બીનખેતી હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ

ARVIND L. PATEL
SURAT.
ADVOCATE

ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૯૮૮૪ થી તા. ૨૮/૦૨/૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા. ૧૭/૪/૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન મોજે અડાજણના રે.સ.નં.૨૨૮ વાળી ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ ચો.મી. વાળી જમીનમાં ફે.ફા.નોંધ નં. ૯૮૮૪ કરતા અને પ્રમાણીત કરતા બિનખેતી નોંધની અસર આપવા શરત ચુકથી ૧૦૯૬ ચો.મી. બિનખેતી થયેલ પરંતુ ખરેખર નોંધ નં. ૯૮૮૪ થી ટી.પી.સ્કીમ નં. ૧૩, ફાયનલ પ્લોટ નં. ૧૧૫ ની ૫૯૧૨ ચો.મી. જમીન રહેઠાણના હેતુ માટે બિનખેતી થયેલ નોંધ હોય તે મુજબ સુધારો વાંચવા/સુધારવા મે.મામલતદાર સાહેબ સુરતના હુકમ નં. જદકો/સુધારા હુકમ/રજી.૧૫૯૧/૦૬ તા. ૦૬/૦૬ આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૦૦૧૫ થી તા. ૨૦/૦૬/૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૨૪/૧૧/૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહુ સર્વે નં. ૨૨૮ વાળી જમીન નીરૂબેન નગીનભાઈ ડાહયાભાઈની વિધવા, રમેશભાઈ નગીનભાઈ તથા ભરતભાઈ નગીનભાઈના નામે ચાલે છે. સદરહું જમીન તેમણે સ.નં. ૨૨૮ પૈકી બિલ્ડીગ–એ વેચાણ દસ્તાવેજ નં.૨૭૬૩ થી તા.૩/૩/૦૬, સ.નં. ૨૨૮ પૈકી બિલ્ડીગ–બી વેચાણ દસ્તાવેજ નં.૨૭૬૦ થી તા.૩/૩/૦૬, સ.નં. ૨૨૮ પૈકી બિલ્ડીગ–સી વેચાણ દસ્તાવેજ નં.૨૭૬૪ થી તા.૩/૩/૦૬ ના રોજ મે.ઓમ એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) પ્રવિણભાઈ આનંદભાઈ ખેની (૨) પ્રવિણભાઈ આનંદભાઈ ખેની (એચ.યુ.એફ) એચ.યુ.એફના કર્તા પ્રવિણભાઈ આનંદભાઈ ખેની (૩) રાજેશકુમાર કેશવલાલ રોય (૪) પરેશભાઈ કેશવભાઈ રોયનાઓને વેચાણ આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં એન્ટ્રી નં. ૧૦૦૯૪ થી તા. ૨૭/૦૭/૨૦૦૬ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૪/૧૧/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરેલ.

સદરહુ સર્વે નં. ૨૨૮ વાળી જમીનમાં અગાઉ મે. કલેકટર સાહેબના હુકમ નં. એ/બખપ/એસ.આર.નં.૧/૦૫–૦૬ વશી.૨૦૨૩ થી ૨૦૩૦/૦૫, તા. ૧૯/૧૧/૦૫ થી રહેઠાણના હેતુ માટે ૫૯૧૨.૦૦ ચો.મી. જમીનમાં બિનખેતીની પરવાનગી આપેલ છે. પરંતુ સદરહુ જમીન પૈકી ૮૬૯.૨૨ ચો.મી. જમીનનો ઉપયોગ વાણિજયના હેતુ માટે થયેલ છે. જેથી વિશેષ ધારાની રકમ વાણિજય તથા રહેઠાણના હેતુ માટે થયેલ છે. જેથી વિશેષ ધારાની રકમ વાણિજય તથા રહેઠાણના હેતુ માટે લેવા પાત્ર થાય છે. જેથી ૫૦૪૨.૭૮

ARVIND L. PATEL SURAT. ADVOCATE

ચો.મી. જમીન રહેઠાણના હેતુ માટે તથા ૮૬૯.૨૨ ચો.મી. વાણિજ્યના હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવા જ.મ.કાયદાની કલમ ૬૫ હેઠળ હુકમ નં. એ/બખપ/એસ.આર.નં.૧/૦૫–૦૬ વશી.૮૨૦૦/૨૦૦૬, તા. ૨૮/૦૯/૨૦૦૬ કરવામાં આવેલ છે. જેથી સુધારા હુકમ મુજબ સને ૨૦૦૫–૨૦૦૬ ના વર્ષથી વિશેષ ધારો રૂપિયા ૩૩૯૨.૦૦ પૈસા વસુલ લેવાના રહે છે. જેની નોંધ ઉપરોકત તારીખ ૨૮/૦૯/૨૦૦૬ ના હુકમ લગત મહે. મામ. શ્રી સીટી તાલુકા સુરતના શેરા નં. જમન/વશી.૪૧૮૩ –૦૬, તા. ૦૧/૧૧/૦૬ આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં એન્ટ્રી નં. ૧૦૧૬૦ થી તા. ૧૦/૧૧/૨૦૦૬ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૧/૦૭/૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ સદરહુ રે.સ.નં. ૨૨૮ પૈકી જમીનને ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ) લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૫૫ આપવામાં આવેલ અને જેનું ક્ષે.૧૦૯૬.૦૦ ચો.મી. થયેલ છે.

સદરહું જમીનમાં જ.મ.કાયદાની ૬૫ હેઠળની પરવાનગી મેળવ્યા સિવાય બાંધકામ કરેલ છે. જેથી જ.મ.કાયદાની કલમ ૬૬ હેઠળ કેસ ચાલી મહે.કલેકટર સાહેબ સુરતના હુકમનં.(જે) બખ/તપસ/વશી.૪૭૬ થી ૪૮૪/રજી.નં.૬૨૦/૦૫–૦૬ તા.૧૫/૨/૦૬ થી વાણિજ્યના હેતુ માટે દર ૧ ચો.મી. ના રૂ.૧.૦૦ પૈસા પ્રમાણે ૧૦૯૬.૦૦ ચો.મી. ના ૧૦૯૬.૦૦ પૈસા આકાર તથા તેના ઉપર થતુ લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ સને ૨૦૦૧–૦૨ ના વર્ષથી ભરપાઈ કરવાની શરતે તથા વધુ શરતોનું પાલન કરવાની શરતે કરવામાં આવેલ બાંધકામ નિયમબધ્ધ કરી આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં એન્ટ્રી નં. ૧૦૨૩૭ થી તા. ૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૦૪/૧૦/૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ સદરહું સર્વે નં. ૨૨૮ વાળી જમીન અંગે મે.સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : આર.એ.એમ./૧૦૨૦૦૬/૨૦૬૩/લ–૧, તા.૧૨/૬/૦૬ થી આપેલ સુચના અનુસાર મે.કલેકટર સાહેબ, સુરતની યાદી નં.જમન/કોમ્પ્યુટરરાઈઝડ રેકર્ડ પ્રમોલગેશન/૦૬ તા.૧૯/૬/૦૬ થી આપેલ સુચના મુજબ મોજે.અડાજણ, તા.સુરત સીટી, જી.સુરતનાં રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી દરમ્યાન રેકર્ડ

ARVIND L. PATEL
SURAT.
Sign.......
ADVOCATE

સાથે ચકાસણી કરતા વિસંગતતા/ક્ષતિ કોમ્પ્યુટરરાઈઝડ રેકર્ડમાં જણાતા રહેઠાણ અને વાણિજયના હેતુ માટે બિનખેતીના સુધારા હુકમ નં.જમન/પ્રમોલગેશન/ સુધારાહુકમ/ મોજે અડાજણ/ રજી.૧૨૨/૦૮ થી નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૦૭૨૬ થી તા. ૧૦/૧૦/૦૮ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૦૬/૦૨/૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન માંથી નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈની વિધવા એ પોતાનો હકક, હિત, હિસ્સો (૧) રમેશભાઈ નગીનભાઈ, (૨) ભરતભાઈ નગીનભાઈની તરફેણમાં બીન અવેજી ઉઠાવી લીધેલો. જે અંગેનો બીન અવેજી હકક હિસ્સો ઉઠાવી લેવાનો દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૬૭ તા. ૨૧/૦૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૧૮૦૭ થી તા. ૨૨/૦૫/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૩૧/૦૩/૨૦૧૫ ના રોજ નામંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ વાદી (૧) ભરતભાઈ નગીનભાઈ પટેલ(૨) રમેશભાઈ નગીનભાઈ પટેલ (૩) નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈ પટેલની વિધવાએ પ્રતિવાદી : (૧) મામલતદારશ્રી સુરત શહેર અડાજણ (૨) કમલેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂધ્ધ નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત સુરત સમક્ષ અરજી કરેલ. જે કામે નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત, સુરતના એ.નં.આરટીએસ અપીલ નં. ૧૮૫/૨૦૧૫ થી તા. ૦૪/૦૩/૨૦૧૬ ના રોજ હુકમ કરેલ જે હુકમ વાદીની દાવા અરજી ઉપરોક્ત ચર્ચેલ વિગતે અંશત : સ્વીકારવામા આવે છે મોજે. અડાજણ, તા.સુરત શહેર અડાજણ જિ.સુરત ના સં.નં.૨૨૮ વાળી જમીનમાં ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૮૦૬ તા.૨૨/૫/૨૦૧૪ નામંજુર કરવાના મામલતદાર સુરત સીટીના હુકમ નં.આરટીએસ/તકરારી કેસ નં. ૨૧/૨૦૧૪ તા.૩૧/૦૩/૨૦૧૫ નો હુકમ રદ કરવા હુકમ કરુ છું અને રેકર્ડની ખાતરી કરી નવેસરથી નિર્ણય કરવા મામલતદારશ્રી સુરત શહેર અડાજણને આ કેસ રીમાન્ડ કરવામાં આવે છે. જેની નાયબ કલેકટરશ્રી,સીટી પ્રાંત સુરતના હુકમ ૭/૧૨ ની નકલ આધારે જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૧૬૩ થી તા. ૦૨/૦૫/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૦૪/૦૭/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ARVIND L. PATEL SURAT. Sign........ ADVOCATE

ત્યારબાદ નં.મવિવિ/બખપ/સ્યુ./સત/૩/૨૦૧૫ અરજદાર : કલેકટરશ્રી, સુરત વિરૂધ્ધ સામાવાળા : નીરૂબેન તે નગીનભાઈ ડાહ્યાભાઈ પટેલની વિધવા નં.મવિવિ/ બખપ/ સત/૭/૨૦૧૫ અરજદાર : કમલેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂધ્ધ સામાવાળા : ભરતભાઈ નગીનભાઈ પટેલ મોજે : અડાજણ , તા.સુરત સીટી જી.સુરતનાં સ.નં.૧૫૭—૨૬૩ પૈકી ૧ તથા સ.નં.૨૨૮ વાળી જમીન બાબતે કલેકટરશ્રી સુરતના હુકમ નં.(જે) બખપ/ તપસ/રજી.નં.૩૫/૨૦૧૪ તા.૩/૩/૧૪ ના રોજ અરજદારોએ મે.સચિવ મહેસુલ વિભાગ(વિવાદ) અમદાવાદના સમક્ષ અપીલ કરેલ જે કામે મે.સચિવ મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદના હુકમ નં.મવિવિ/બખપ/સ્યુ./સત/૩/૨૦૧૫ લીંક નં.મવિવિ/ બખપ/સત/૭/૨૦૧૫ તા.૩૦/૦૮/૨૦૧૬ થી નીચે મુજબ હુકમ કરેલ છે. હુકમ : "કલેકટરશ્રી, સુરતની વાદગ્રસ્ત બિનખેતીનો હુકમ નં.(જે)બખપ/તપસ/ રજી.નં.૩૫/ ૨૦૧૪, તા.૩/૩/૧૪ આથી રદ કરવામાં આવે છે. કોર્ટનો ચુકાદો પક્ષકારોને બંધનકર્તા રહેશે." જેની ૭/૧૨, હુકમ તથા મામલતદાર સુરત શહેર અડાજણના શેરા પત્ર નં.જમન/ વશી.૬૬૮૧/૧૬, તા.૨૪/૧૦/૧૬ આધારે નોંધ કરી. જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હક્ક પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૨૭૭ થી તા. ૨૭/૧૦/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર કમલેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂધ્ધ પ્રતિવાદી ભરતભાઈ નગીનભાઈ પટેલ વિગેરે.. મોજે, અડાજણના સં.નં. ૨૨૮ વાળી જમીનમાં પડેલ નોંધ નં. ૧૧૮૦૬, તા.૨૨/૫/૧૪ અંગે મે નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરતના હુકમ નં.આરટીએસ અપીલ નં. ૧૮૫/૨૦૧૫ થી તા. ૦૪/૦૩/૨૦૧૬ અન્વયે મે.મામલતદારશ્રી સુરત શહેર અડાજણ સુરતનાં હુકમ નં. આરટીએસ/રીમાન્ડ કેસ/રજી. નં. ૧૨/૨૦૧૬ થી હુકમ કરેલ જે હુકમ મોજે : અડાજણ, તા.સુરત શહેર અડાજણ જિ.સુરત ના સં.નં.૨૨૮ વાળી જમીનમાં ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૮૦૬ તા.૨૨/૫/૨૦૧૪ નામંજુર કરવામાં આવે છે. નામદાર દિવાની કોર્ટમાં પેન્ડીંગ સ્પે.દિ.મુ.નં. ૧૭૫/૦૬ તથા રે.દી.મુ.નં. ૨૬૦/૧૪ માં જે આખરી ચુકાદો આવે તે પક્ષકારને બંધનકર્તા રહેશે તથા તેનો અમલ રેવન્યુ ઓથોરીટીએ કરવાનો રહેશે. જેની મે.નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરતના હુકમ ૭/૧૨ આધારે નોંધ કરી. જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હક્ક

ARVIND L. PATEL SURAT. ADVOCATE

પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૨૭૮ થી તા. ૨૯/૧૦/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સ્પેશીયલ સીવીલ સુટ નં. : ૨૬૦/૨૦૧૪ ઈએકસએચ ૧ તથા ઈએકસએચ ૫ પ્રમાણે નીચે મુજબનો ફાઈનલ ઓર્ડર માં જણાવવામાં આવેલ કે રેકોર્ડ પ્રમાણે કાયદાકીય જોગવાઈઓ મુજબ શરૂઆતથી જ વાદી અને તેના વકીલ કોર્ટ સમક્ષ અનિયમીત હતા. વાદી તથા તેના વકીલ થકી તા. ૨૭/૦૧/૨૦૧૬ ના રોજ અરજી મોકુફ રાખવાની અરજી કરવામાં આવેલ પરંતુ કોઈપણ વાદી તરફથી કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી. આથી કોર્ટ પાસે આ મુદ્દો ચાલુ રાખવા કોઈ કારણ રહેતુ નથી. બાકી કેસની પ્રક્રિયા આગળ વધારવા માટે વાદી નિષ્ફળ રહયા છે. આથી કોર્ટ આ મુદ્દો આગળ વધારી શકે તેમ નથી. આથી કોર્ટ અહી આ કેસ બરતરફ કરે છે. અને હુકમ કરે છે કે :— વાદીના કસુર / અભાવ ના લીધે દાવો બરતરફ થયો છે. તથા આંક ૫ ની મનાઈ હુકમની અરજી રદ કરવામાં આવેલ.

ત્યારબાદ સ્પેશીયલ સીવીલ સુટ નં. : ૨૬૦/૨૦૧૪ આંક ૫ ની સામે મર્હુમ નગીનભાઈ ડાહયાભાઈના પુત્ર રમેશભાઈ નગીનભાઈ પટેલના વારસદાર કમલેશભાઈ રમેશભાઈ પટેલએ મહે.સુરતના પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં અપીલ દાખલ કરેલ જે અપીલ નામદાર કોર્ટએ મંજુર કરી અપીલ નં. ૮૬/૨૦૧૬ થી દાખલ કરેલ જે અપીલ ચાલતા નામદાર કોર્ટ તરફથી મજકુર અપીલ રદ કરી ૨૬૦/૨૦૧૪ ના કામે આંક ૫ હેઠળનો નવમાં અધિક સીનીયર સીવીલ જજ સાહેબનો હુકમ કાયમ કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન બાબતે મે.નાયબ કલેકટર સાહેબ સીટી પ્રાંત સુરતએ નંબર આરટીએસ/અપીલ નં.૦૯/૨૦૧૭ થી હુકમ કરેલ કે વાદીની વિવાદ અરજી ઉપરોકત ચર્ચેલ વિગતે અંશત : સ્વીકારવાપાત્ર જણાતી હોય અંશત : મંજુર કરૂ છું મામલતદારશ્રી સુરત શહેર અડાજણનો હુકમ નં.આરટીએસ/રીમાન્ડ કેસ નં.૧૩/૨૦૧૬ તા.૨૧/૧૦/૨૧૦૬ રદ કરૂ છુ તથા મોજે અડાજણ તા.સુરત શહેર અડાજણ જી.સુરતના સ.નં.૨૨૮ વાળી જમીનમાં પડેલ નોંધ નં.૧૧૮૦૭ તા.૨૨/૫/૨૦૧૪ રજી.ફારગતી દસ્તાવેજ નંબર : ૧૬૭ તા.૨૧/૦૩/૨૦૧૪ આધારે પડેલ છે. જે રજી દસ્તાવેજ સ.ન.૧૫૭ + ૨૬૩ પૈકી વાળી જમીનનો હોય નોધ નં.૧૧૮૦૭ રદ કરવા અને સ.નં.૨૨૮ વાળી જમીનમા રજી.ફારગતી દસ્તાવેજ નં.૪૭૫૫ તા.૨૮/૩/૨૦૧૪ આધારે નવેસરથી નોંધ પાડવા મામલતદારશ્રી સુરત

ARVIND L. PATEL SURAT. Sign....

શહેર અડાજણને હુકમ કરેલ જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં કાચી એન્ટ્રી નં. ૧૨૩૮૬ થી તા. ૨૧/૦૮/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનમાંથી સ્વ. નગીનભાઈ ડાહ્યાભાઈના સીધીલીટીના વારસદાર નીરૂબેન તે નગીનભાઈ ડાહ્યાભાઈની વિધવા એ પોતાનો હકક, હિત, હિસ્સો (૧) રમેશભાઈ નગીનભાઈ, (૨) ભરતભાઈ નગીનભાઈની તરફેણમાં બીન અવેજી ઉઠાવી લીધેલો. જે અંગેનો બીન અવેજી હકક હિસ્સો ઉઠાવી લેવાનો દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૪૭૫૫ થી તા. ૨૮/૦૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં કાચી એન્ટ્રી નં. ૧૨૩૯૩ થી તા. ૨૫/૦૮/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ.

આમ, સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ—ડીસ્ટ્રીકટ ના મોજે : અડાજણના રેવન્યુ સર્વે નં. ૨૨૮ વાળી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ સુમારે ૯૬૧૧ ચો.મી., જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૫, જેનું ફાયનલ પ્લોટ સુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૦૯૬ ચો.મી. વાળી જમીન (૧) રમેશભાઈ નગીનભાઈ અને (૨) ભરતભાઈ નગીનભાઈની માલિકીની ચાલી આવેલી.

(૨) સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ—ડીસ્ટ્રીકટ ના મોજે : અડાજણના બ્લોક/સર્વે નં. ૧૫૭+૨૬૩ / પૈકી ૧ વાળી જમીનની ટાઈટલની વિગત એવી છે કે,

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ—ડીસ્ટ્રીકટના મોજે : અડાજણના બ્લોક/સર્વે નં. ૧૫૭+૨૬૩ / પૈકી ૧ વાળી જમીનનાં મુળ માલીક શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ તથા નગીનદાસ ડાહ્યાભાઈની માલીકીની ચાલી આવેલ.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૧૫૭+૨૬૩ / પૈકી ૧ વાળી જમીન સરકારી રેકર્ડ ઉપર શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ તથા નગીનદાસ ડાહ્યાભાઈના સંયુકત નામે ચાલે છે. સદરહુ જમીન તથા અન્ય જમીનોનો ભાઈ ભાગ પ્રમાણે વહેંચણ થતા સદરહું બ્લોક નંબર વાળી જમીન નગીનભાઈ ડાહ્યાભાઈના હિસ્સે આવેલ. જે વહેંચણ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૨૪૫૧ થી તા. ૧૩/૦૬/૭૦ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ.

ADVOCATE SURAT

ત્યારબાદ મજકુર ગામની ટુકડા જમીનોના સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા નં.૬ ની ૧૦૫૪ એલ, તા.૨૯/૧૦/૫૬ થી સ્ટાન્ડર્ડ એરીયામાંથી મુકિત આપવામાં આવી હતી. જે સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા નં. જે. એમ. એમ/ ૭૬/ ૧૯૧ /એમ. કોન–૧૦૭૬/૬૩૪૬૭/જી, તા.૫ મી જુલાઈ ૧૯૭૬ થી પાછી ખેંચી લેવામાં આવી છે. જેથી સદરહું જમીનનું નકકી કરેલા સ્ટાન્ડર્ડ એરીયા મુજબ જરાયતનું ક્ષે.૦ હેકટર ૮૦ આરે ૯૪ ચો.મી. તથા બાગાયતનું ક્ષે.૦ હેકટર ૨૦ આરે ૨૩ ચો.મી. વાળી જમીનનું નકકી કરેલા સ્ટાન્ડર્ડ એરીયા કરતા ઓછી હોવાથી ટુકડા તરીકે જાહેર કરવામાં આવી છે. મે.મામ.સા.ચોર્યાસીના પરીપત્ર નં.અકન–વશી ૩૦૮૫ તા.૮/૧૦/૭૬ મુજબ નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૪૦૪૭ થી તા. ૧૭/૦૨/૭૮ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૧૫૭+૨૬૩ પૈકી ૧ વાળી જમીન નગીનભાઈ ડાહયાભાઈના નામે ચાલે છે. તેઓ અડાજણ મુકામે તા.૦૫/૦૪/૯૧ ના રોજ ગુજરી જવાથી તેમના સીધીલીટીના વારસદારો (૧) નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈની વિધવા, (૨) રમેશભાઈ નગીનભાઈ, (૩) ભરતભાઈ નગીનભાઈ, (૪) ઉષાબેન નગીનભાઈ, (૫) મીનાબેન નગીનભાઈ, (૬) પ્રવિણાબેન નગીનભાઈ ચાલી આવેલા. પરંતુ અનુક્રમ નં.૪ થી ૬ ના ઈસમોએ પોતાના પિતાની મિલકતમાંથી પોતાનો હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે. જેથી તેમની અડાજણ ગામે આવેલ મિલકતમાં અનુક્રમ નં. ૧ થી ૩ ના નામો દાખલ કરવાની નોંધ આવેલ અરજી, પેઢીનામું, પંચકયાસ તથા પક્ષકારોના જવાબ, સંમતિદર્શક જવાબ તથા મરણના દાખલા આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૬૧૦૨ થી તા. ૧૬/૦૭/૯૧ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૧૫૭+૨૬૩ / પૈકી ૧ વાળી જમીન અંગે મે. સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક આર.એ.એમ/ ૧૦૨૦૦૬/ ૨૦૬૩/લ–૧, તા.૧૨/૬/૦૬ થી આપેલ સુચના અનુસાર મે.કલેકટર સાહેબ સુરતની યાદી નં. જમન/કોમ્પ્યુટર રેકર્ડ પ્રમોલગેશન/૦૬ તા.૧૯/૬/૦૬ થી આપેલ સુચના મુજબ મોજે.અડાજણ, તા.સુરતસીટી, જી.સુરતના રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી દરમ્યાન રેકર્ડ સાથે ચકાસણી કરતા વિસંગતા/ ક્ષતિ કોમ્પ્યુટરાઈઝર્ડમાં મથાળે પડતર શબ્દ કમી કરવા પત્રક મુજબ સુધારો કરવા મામલતદારશ્રી સીટી તાલુકા, સુરતનાએ તા.૩/૧૦/૦૮નાં રોજ

ARVIND L. PATEL SURAT. Sign...... ADVOCATE

કરેલ સુધારા હુકમ નં. જમન/પ્રમોલગેશન/સુધારા હુકમ/ મોજે.અડાજણ/રજી.૧૨૨/૦૮થી નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૦૭૨૦ થી તા. ૧૦/૧૦/૨૦૦૮ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૦૬/૨/૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન માંથી નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈની વિધવા એ પોતાનો હકક, હિત, હિસ્સો (૧) રમેશભાઈ નગીનભાઈ, (૨) ભરતભાઈ નગીનભાઈની તરફેણમાં બીન અવેજી ઉઠાવી લીધેલો. જે અંગેનો બીન અવેજી હકક હિસ્સો ઉઠાવી લેવાનો દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૪૭૫૫ થી તા. ૨૮/૦૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૧૮૦૬ થી તા. ૨૨/૦૫/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ નામંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ વાદી (૧) ભરતભાઈ નગીનભાઈ પટેલ(૨) રમેશભાઈ નગીનભાઈ પટેલ (૩) નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈ પટેલની વિધવાએ પ્રતિવાદી : (૧) મામલતદારશ્રી સુરત શહેર અડાજણ (૨) કમલેશભાઈ રમેશભાઈ (૩) પ્રવિણભાઈ આનંદભાઈ મેની (૪) મે.ઓમ એન્ટરપ્રાઈઝના ભાગીદારો (૪/૧) શ્રી પરેશભાઈ કેશવભાઈ શેઠ (૪/૨) રાજેશભાઈ કેશવલાલ શેઠ વિરૂધ્ધ નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત સુરત સમક્ષ અરજી કરેલ. જે કામે નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત, સુરતના ઓ.નં.આરટીએસ અપીલ નં. ૧૮૩/૨૦૧૫ થી તા. ૦૪/૦૩/૨૦૧૬ ના રોજ હુકમ કરેલ જે હુકમ વાદીની દાવા અરજી ઉપરોકત ચર્ચેલ વિગતે અંશત : સ્વીકારવામા આવે છે મોજે. અડાજણ, તા.સુરત શહેર અડાજણ જિ.સુરત ના સં.નં.૧૫૭ + ૨૬૩/પૈકી ૧ વાળી જમીનમાં ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૮૦૭ તા.૨૨/૫/૨૦૧૪ નામંજુર કરવાના મામલતદાર સુરત સીટીના હુકમ નં.આરટીએસ/તકરારી કેસ નં. ૧૭/૨૦૧૪ તા.૩૧/૦૩/૨૦૧૫ નો હુકમ રદ કરવા હુકમ કરૂ છું અને રેકર્ડની ખાતરી કરી નવેસરથી નિર્ણય કરવા મામલતદારશ્રી સુરત શહેર અડાજણને આ કેસ રીમાન્ડ કરવામાં આવે છે. જેની નાયબ કલેકટરશ્રી,સીટી પ્રાંત સુરતના હુકમ ૭/૧૨ ની નકલ આધારે જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૧૬૨ થી તા. ૦૨/૦૫/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ, જે એન્ટ્રી તા.૦૪/૦૭/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ARVIND L. PATEL
SURAT
Sign.....
ADVOCATE

ત્યારબાદ નં.મવિવિ/બખપ/સ્યુ./સત/૩/૨૦૧૫ અરજદાર : કલેકટરશ્રી, સુરત વિરૂધ્ધ સામાવાળા : નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈ પટેલની વિધવા નં.મવિવિ/બખપ/સત/૭/૨૦૧૫ અરજદાર : કમલેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂધ્ધ સામાવાળા : ભરતભાઈ નગીનભાઈ પટેલ મોજે : અડાજણ , તા.સુરત સીટી જી.સુરતનાં સ.નં.૧૫૭--૨૬૩ પૈકી ૧ તથા સ.નં.૨૨૮ વાળી જમીન બાબતે કલેકટરશ્રી સુરતના હુકમ નં.(જે) બખપ/ તપસ/ રજી.નં.૩૫/૨૦૧૪ તા.૩/૩/૧૪ ના રોજ અરજદારોએ મે.સચિવ મહેસુલ વિભાગ(વિવાદ) અમદાવાદના સમક્ષ અપીલ કરેલ જે કામે મે.સચિવ મહેસુલ વિભાગ(વિવાદ) અમદાવાદના હુકમ નં.મવિવિ/બખપ/સ્યુ./સત/૩/૨૦૧૫ લીક નં.મવિવિ/બખપ/સત/૭/૨૦૧૫ તા. ૩૦/૦૮/૨૦૧૬ થી નીચે મુજબ હુકમ કરેલ છે. હુકમ : "કલેકટરશ્રી, સુરતની વાદગ્રસ્ત બિનખેતીનો હુકમ નં.(જે)બખપ/તપસ/રજી.નં.૩૫/૨૦૧૪, તા.૩/૩/૧૪ આથી રદ કરવામાં આવે છે. કોર્ટનો ચુકાદો પક્ષકારોને બંધનકર્તા રહેશે." જેની ૭/૧૨, હુકમ તથા મામલતદાર સુરત શહેર અડાજણના શેરા પત્ર નં.જમન/વશી.૬૬૮૧/૧૬, તા.૨૪/૧૦/૧૬ આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૨૭૭ થી તા. ૨૭/૧૦/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

**અરજદાર ભરતભાઈ નગીનભાઈ પટેલએ નામદાર ગુજરાત હાઈ કોર્ટ, અમદાવાદ સમક્ષ સ્પેશીયલ સીવીલ અરજી નં. : ૧૮૧૦૫/ ૨૦૧૬ થી દાખલ કરેલ.** જેમાં હાલનાં કામે દિકરા તથા તેના પિતા સાથે તકરારી જમીન બાબતે તકરાર ઉપસ્થિત થયેલ છે, કે જે તકરારી જમીનમાં ઘણાં રેસીડેન્સીયલ ટાવરો બંધાયેલા છે, જેનું બાંધકામ પણ પૂર્ણ થવાને આરે છે. તેમજ હાલનાં કામમાં દિકરા કમલેશભાઈએ મે. સુરતનાં ૯માં સીવીલ કોર્ટ (સી.ડી.) સાહેબની કોર્ટમાં સ્પે. દિવાની મુકદમા નં.૨૬૦/૨૦૧૪ નો આ કામનાં અરજદાર વિરૂધ્ધ દાખલ કરેલ. જે દાવાનાં કામમાં મે. ન્યાયાધીશે કોઈપણ પ્રકારનો મનાઈહુકમ કે અન્ય કોઈ પણ હુકમ કરેલો નથી. જે સંજોગોમાં મે. સ્પેશયલ સેક્રેટરી, રેવન્યુ ડીપાર્ટમેન્ટ (અપીલ)ને સીવીલ કોર્ટનાં દાવો પેન્ડીગ હોવા છતાં, તકરારી જમીનનાં બિનખેતીનાં હુકમને નાબુદ કરવાની સત્તા છે કે કેમ.. ? વધુમાં, સામાવાળા નં.૪ ને સદર તકરારી જમીનનાં બાંધકામ અંગે કોઈ પણ તકરાર હોય તો, તે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટએ કમલેશ રમેશભાઈ પટેલને લાગુ મહેરબાન સીવીલ કોર્ટનો જરૂરી હુકમ મેળવવા જણાવેલ.

D. L. PATEL SURAT. ADVOCATE

અરજદાર : કમલેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂધ્ધ પ્રતિવાદી : ભરતભાઈ નગીનભાઈ પટેલ વિગેરે મોજે. અડાજણ, તા.અડાજણ ના સ.નં.૧૫૭+૨૬૩/પૈકી ૧ વાળી જમીનમાં પડેલ નોંધ નં.૧૧૮૦૭, તા.૨૨/૫/૧૪ અંગે મે.નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરતના હુકમ નં.આરટીએસ/અપીલ નં.૧૮૩/૨૦૧૫ તા.૩૧/૦૩/૨૦૧૫ અન્વયે મે.મામલતદારશ્રી સુરત શહેર અડાજણ સુરતનાં હુકમ નં.આરટીએસ/રીમાન્ડ કેસ/રજી.નં.૧૩/૨૦૧૬, તા.૨૧/૧૦/૨૦૧૬ થી નીચે મુજબ હુકમ કરેલ છે. હુકમ : "મોજે : અડાજણ, તા.સુરત શહેર અડાજણ, જી.સુરતના સ.નં.૧૫૭+૨૬૩/૧ પૈકી વાળી જમીનમાં ગામ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૧૧૮૦૭, તા.૨૨/૫/૧૪ નામંજૂર કરવા હુકમ કરવામાં આવે છે. નામદાર દિવાની કોર્ટમાં પેન્ડીંગ સ્પે.દિ.મુ.નં.૧૭૫/૦૬ તથા રે.દી.મુ.નં.૨૬૦/૧૪ માં જે આખરી ચુકાદો આવે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે તથા તેનો અમલ રેવન્યુ ઓથોરીટીએ કરવાનો રહેશે." જેની મે.નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરતના હુકમ. ૦/૧૨ આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૨૨૭૯ થી તા. ૨૯/૧૦/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન બાબતે મે.નાયબ કલેકટર સાહેબ સીટી પ્રાંત સુરતએ નંબર આરટીએસ/અપીલ નં.૧૦/૨૦૧૭ થી હુકમ કરેલ કે વાદીની વિવાદ અરજી ઉપરોકત વર્ણેલ વિગતે અંશત : સ્વીકારવાપાત્ર જણાતી હોય અંશત : મંજુર કરૂ છું મામલતદારશ્રી સુરત શહેર અડાજણનો હુકમ નં.આરટીએસ/રીમાન્ડ કેસ નં.૧૨/૨૦૧૬ તા.૨૧/૧૦/૨૧૦૬ રદ કરૂ છુ તથા મોજે અડાજણ તા.સુરત શહેર અડાજણ જી.સુરતના સ.નં.૧૫૭ + ૨૬૩/પૈકી૧ વાળી જમીનમાં પડેલ નોંધ નં.૧૧૮૦૬ તા.૨૨/૫/૨૦૧૪ રજી.ફારગતી દસ્તાવેજ નંબર : ૪૭૫૫ તા.૨૮/૦૩/૨૦૧૪ આધારે પડેલ છે. જે રજી દસ્તાવેજ સ.ન.૨૨૮ વાળી જમીનનો હોય નોંધ નં.૧૧૮૦૬ રદ કરવા અને સ.નં.૧૫૭ + ૨૬૩/પૈકી ૧ વાળી જમીનમા રજી.ફારગતી દસ્તાવેજ નં.૧૬૭ તા.૨૧/૩/૨૦૧૪ આધારે નવેસરથી નોંધ પાડવા મામલતદારશ્રી સુરત શહેર અડાજણને હુકમ કરેલ જે હુકમની નોંધ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં કાચી એન્ટ્રી નં. ૧૨૩૮૭ થી તા. ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ.

ARVIND L. PATEL
SURAT.
Sign......
ADVOCATE

ત્યારબાદ સદરહુ જમીન માંથી સ્વ. નગીનભાઈ ડાહયાભાઈના સીધીલીટીના વારસદાર નીરૂબેન તે નગીનભાઈ ડાહયાભાઈની વિધવા એ પોતાનો હકક, હિત, હિસ્સો (૧) રમેશભાઈ નગીનભાઈ, (૨) ભરતભાઈ નગીનભાઈની તરફેણમાં બીન અવેજી ઉઠાવી લીધેલો. જે અંગેનો બીન અવેજી હકક હિસ્સો ઉઠાવી લેવાનો દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૬૭ તા. ૨૫/૦૨/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં કાચી એન્ટ્રી નં. ૧૨૩૯૪ થી તા. ૨૫/૦૯/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ.

આમ, સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ–ડીસ્ટ્રીકટના મોજે : **અડાજણના બ્લોક/સર્વે નં. ૧૫૭+૨૬૩ / પૈકી ૧** વાળી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ સુમારે ૬૯૮૧ ચો.મી., **જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૬, જેનું ફાયનલ પ્લોટ સુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૩૩૨ ચો.મી. વાળી જમીન (૧) રમેશભાઈ નગીનભાઈ તથા (૨) ભરતભાઈ નગીનભાઈની માલિકીની ચાલી આવેલી.**

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬–બી વાળી જમીન ઉપર રહેણાંકના હેતુ માટે બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ કરવાના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ નં : ૫૨૮૭, તા.૧૩–૦૩–૨૦૧૩ ના રોજ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬–એ વાળી જમીન ઉપર કોમર્શીયલ હેતુ માટે બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ કરવાના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ નં : ૧૩૯૭, તા.૦૭–૦૬–૨૦૧૩ ના રોજ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬ પૈકી નોશનલ પ્લોટ નં. એ વાળી જમીન ઉપર કોમર્શીયલ હેતુ માટે બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ કરવાના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ/ડી.પી/નં : ૯૮, તા.૧૯–૦૬–૨૦૧૪ ના રોજ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

ARVIND L. PATEL SURAT. ADVOCATE

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬ પૈકી નોશનલ પ્લોટ નં. બી વાળી જમીન ઉપર રહેણાંકના હેતુ માટે બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ કરવાના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ/ડી.પી/નં : ૯૯, તા.૧૯–૦૬–૨૦૧૪ ના રોજ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

સદરહું ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬ વાળી જમીનો રેસીડન્શીયલ ઝોનમાં આવે છે. જે બદલનું ઝોનીગ સર્ટીફીકેટ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) સુરત તરફથી નં. સુડા/ટેક/ઝો.સર્ટી./૨૮૫૮૩/૨૦૧૫, તા. ૨૯/૧૨/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ છે.

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫ તથા ૧૫૬ પૈકી નોશનલ પ્લોટ નં. એ વાળી જમીનો ઉપર કોમર્શીયલ બિલ્ડીગનું બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ કરવાના રીવાઈઝ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ/ડી.પી/નં : ૨૯૩, તા. ૨૩–૧૦–૨૦૧૫ ના રોજથી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

સદરહું રે.સ.નં. ૨૨૮, ૧૫૭ + ૨૬૩ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૫, જેનું ક્ષેત્રફળ ૧૦૯૬ ચો.મી. તથા ફા.પ્લોટ નં.૧૫૬, જેનું ક્ષેત્રફળ ૫૩૩૨ ચો.મી. વાળી જમીન અંગે બીનખેતીની પરવાનગી કલેકટરશ્રી, સુરતના તરફથી હુકમ નં. (જે)/બખ/તપસ/રજી.નં.૩૫/૨૦૧૪ તારીખ : ૦૩/૦૩/૨૦૧૪ થી આપવામાં આવેલ છે.

એવી રીતે સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ–ડીસ્ટ્રીકટ નાં મોજે ગામ : અડાજણના (૧) બ્લોક/સર્વે નં. ૨૨૮ વાળી બિનખેતીની જમીન, જેનું ઓ.પી મુજબનું ક્ષેત્રફળ સુમારે ૯૬૧૧ ચો.મી., આકાર રૂા. ૪૫૨૧.૧૨ પૈસા છે. જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૫, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૦૯૬ ચો.મી. વાળી જમીન તથા (૨) બ્લોક/સર્વે નં. ૧૫૭ + ૨૬૩ પૈકી ૧ વાળી બિનખેતીની જમીન, જેનું ઓ.પી મુજબનું ક્ષેત્રફળ સુમારે ૬૯૮૧ ચો.મી., આકાર રૂા. ૧૪.૧૨ પૈસા છે. જેનો ટી. પી. સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા. પ્લોટ નં. ૧૫૬, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે

ARVIND L. PATEL SURAT ADVOCATE

૫૩૩૨ ચો.મી. વાળી જમીન **(૧) રમેશભાઈ નગીનભાઈ તથા (૨) ભરતભાઈ** નગીનભાઈના નામે ચાલી આવેલ છે.

સદરહુ મીલકત પર મહેરબાન સુરતના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે. દિ. મુ. નં : ૨૬૦/૧૪ કેસ નં. સ્પે દિ.મુ. નં. : ૧૭૫/૨૦૦૬ ના દાવાઓની અપીલ હાલમાં પેન્ડીગ છે. તથા મજકુર જમીન ઉપર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ દાવા નંબર : ૧૮૧૦૫ થી સને ૨૦૧૬ માં દાખલ કરવામાં આવેલ છે. સદરહું મિલકતના માલીક રમેશભાઈ નગીનભાઈ અને ભરતભાઈ નગીનભાઈ ચાલી આવેલ છે. જે મિલકતમાં રમેશભાઈ નગીનભાઈના પુત્ર કમલેશભાઈ રમેશભાઈએ નામદાર સીવીલ કોર્ટમાં તેમના વણવહેંચાયેલા હકક હિસ્સા માટે દાવો કરેલ છે. જેમાં નામદાર કોર્ટએ આજદિન સુધીમાં કોઈ સ્ટે કે મનાઈ હુકમ મળેલ નથી. આમ, મારી સમક્ષ રજુ કરેલા ઉપરોકત તમામ દસ્તાવેજોને આધારે સદરહું જમીનનો ટાઈટલ રીપોર્ટ રમેશભાઈ નગીનભાઈ અને ભરતભાઈ નગીનભાઈને આપેલ છે.

રે.સ.નં. : ૨૨૮ અને ૨૬૩ વાળી જમીન માટે થયેલ આર.ટી.આઈ. ના જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદાર શ્રી ભરતભાઈ નગીનભાઈ ને જવાબ નીચે પ્રમાણે છે. કોર્ટના મંતવ્ય મુજબ અરજદારની અરજી માં જણાવેલ હકીકત કૌટુંબિક ઝઘડાને લગતી છે. અરજદારના પિતા હયાત હોય ત્યાં સુધી અને અરજદારનું નામ રેવન્યુ રેકર્ડમાં ન આવે ત્યાં સુધી અરજદારની સંમતિ આવશ્યક નથી. અરજદારની અરજીમાં કોર્ટ કેસ પેન્ડિંગ હોવા છતાં તેની વિગત છુપાવી ખોટી એફીડેવીટ રજુ કરી તા. : ૩/૩/૨૦૧૪ના હુકમથી બાંધકામ નિયમિત કરવા મેળવેલ પરવાનગી પુરતી રજુઆત યોગ્ય છે. આમ પણ તેઓ બીન ખેતીના હુકમ વિરૂધ્ધ ઉપલી ઓથોરીટી મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદ સમક્ષ ફેરતપાસ અરજી કરી દાદ મેળવી શકે છે. અરજી પ્રત્યે સીટમાં કોઈ નિર્ણય કરવા પાત્ર નથી.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો **(૧) રમેશભાઈ નગીનભાઈ તથા (૨)** ભરતભાઈ નગીનભાઈ તથા ડેવલોપર્સ તરીકે.. **મે.શ્રી પાર્થ ઈન્ફ્રાકોર્પ લીમીટેડ કંપની તરફે** તેના અધિકૃત ડીરેકટર શ્રી **પ્રવિણભાઈ આણંદભાઈ ખેનીએ " મેગા રોયલ"** ના નામથી ઓળખાતા રહેણાંક—કમ—વાણિજય સંકુલનું આયોજન કરેલું છે.

પરંતુ સદરહુ મીલકત ઉપર સ્પે દિવાની મુકદમા નં. : ૧૭૫/૦૬ તથા સ્પે દિવાની મુકદમા નં. : ૨૬૦/૧૪ કેસ પેન્ડીગ હોવાથી તથા ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ

ARVIND L. PATEL
SURAT
Sign.
ADVOCATE

દાવા નંબર : ૧૮૧૦૫ થી સને ૨૦૧૬ થી દાખલ કરેલ છે જે કેસનો આખરી ચુકાદો આવે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

ઉપરોકત હકીકત ધ્યાનમાં લેતાં તેમજ રજૂ કરેલા દસ્તાવેજો તપાસતાં તથા સબ–રજીસ્ટ્રારશ્રી, સુરતની કચેરીમાં જરૂરી સર્ચ કરેલ. જે અંગે નાણાં ભર્યાની અરજી નં. ૪૦૫૭૪, પહોંચ નં. ૨૦૧૭૦૧૮૦૬૧૬૭૪, તા.૨૫/૦૯/૨૦૧૭ ના રોજ અઠવા ઝોનમાં ૩૦ વર્ષ અગાઉની સર્ચ કરેલ. તથા અરજી નં. ૪૧૧૧૯, પહોંચ નં. ૨૦૧૭૦૧૮૦૬૨૪૫૬, તા.૨૭/૦૯/૨૦૧૭ ના રોજ અઠવા ઝોનમાં ૩૦ વર્ષ અગાઉની સર્ચ કરેલ. જે અંગેની પહોંચ રજૂ કરેલ છે. જેથી હમો એવા તારણ ઉપર આવેલા છીએ કે ઉપરોકત મિલ્કત અંગે કોઈ કોર્ટનો મનાઈ હુકમ, જપ્તી કે અવલ જપ્તી વિગેરે તથા લેન્ડ એકવીઝીશન કાર્યવાહી વિગેરે ચાલુ નથી. સદરહુ મિલકત રીઝર્વેશનમાં નથી એન.એ. (બીનખેતીની) જમીન ઉપર નોંધાયેલી મિલકત હોય.

આમ, સદરહુ મિલ્કત ઉપર મુજબના ટાઈટલવાળી છે.

આ ટાઈટલ સર્ટીફીકેટ નીચે મુજબના દસ્તાવેજોના આધારે આપવામાં આવે છે.

(૧) ગામ નમુના નંબર : ૭/૧૨ ની નકલ.

(૨) ગામ નમુના નંબર : ૮ -અ ની નકલ.

(૩) ગામ નમુના નંબર : ૬ ની હકકપત્રકની નકલ.

(૪) રજાચીઠ્ઠી.

(૫) એન.એ.ના હુકમની નકલ.

(૬) સુરત શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અપાયેલ ઝોનીંગ સર્ટીફીકેટની નકલ.

(૭) સુરત મહાનગર પાલીકા તરફથી મંજુર થયેલ પ્લાનની નકલ.

(૮) સુરત સબ–રજીસ્ટ્રાર કચેરીમાં તા. ૨૫/૦૯/૨૦૧૭ ના રોજ કરેલ સર્ચની પહોંચ.

(૯) સુરત સબ–રજીસ્ટ્રાર કચેરીમાં તા. ૨૭/૦૯/૨૦૧૭ ના રોજ કરેલ સર્ચની પહોંચ.

(૧૦) મહે.સુરતના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દાખલ થયેલ રે.દિ.મુ.નં.૨૬૦/૨૦૧૪ ના હુકમની નકલ.

(૧૧) મહે.સુરતના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દાખલ કરેલ પ્રા.દિ.અપીલ નંબર : ૮૬/૨૦૧૬ ના હુકમની નકલ.

(૧૨) રેગ્યુલર સીવીલ દાવો : ૧૭૫/૨૦૦૬ ના આંક ૫ સામેના હુકમની નકલ.

VINOD L. PATEL SURAT ADVOCATE

(૧૩) ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૧૮૧૦૫/૨૦૧૬ ના હુકમની નકલ.

(૧૪) આર.ટી.એસ/અપીલ નં.૧૦૦/૨૦૦૪, ૧૭૫/૨૦૦૫,૧૮૩/૨૦૧૫,૧૮૫/૨૦૧૫, ૦૯/૨૦૧૭, ૧૦/૨૦૧૭ ના હુકમની નકલો.

(૧૫) મહેસુલ પંચ દ્વારા આપવામાં હુકમની નકલો.

સુરત.
તારીખ : ૧૩/૧૨/૨૦૧૭

ARVIND L. PATEL
SURAT.
Sign....
ADVOCATE

(એ.એલ.પટેલ)
એડવોકેટ

મિલ્કતનું વર્ણન 157 + 263 નોંધ

Search in : અડાજણ/ADAJAN

969
24.2.18

| પહોંચ નંબર: | ૨૦૧૭૦૧૮૦૬૨૪૫૬ | અરજી નંબર: | ૪૧૧૧૯ | અરજી વર્ષ: | ૨૦૧૭ |
|---|---|---|---|---|---|

તા: ૨૭ માહે: સપ્ટેમ્બર સને: ૨૦૧૭

રજુ કરનારનું નામ એ એલ.પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / કોલીયો | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭) | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૧૯૮૮ ૨૦૧૭ | ૨૬૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭) | |
| નકલ ફી કોલીયો | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૨૬૦ |
|---|---|

અંકે રૂપીયાબસો સાઇઠ પુરા.

દસ્તાવેજ ........ ........ ના દિવસે તૈયાર થશે અને નકલ

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ........ ........ આવશે. કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( G S METALIYA )
સબ રજીસ્ટ્રાર
SRT/1/ATV

THE SEAL OF THE SUB REGISTRAR SURAT (ATHVA) — સબ રજીસ્ટ્રાર સુરત

2035 ·

2017

સુપ્રિટેન્ડેન ેક સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૧૧૧૯ ગામ નું નામ : ADAJAN

મિલ્કતનું વર્ણન 157

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -12 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુકસાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | ફીસે |
|---|---|---|---|---|---|---|---|
| નોટીસ<br><br>રૂ. 0 | રે.સર્વે નં. 157+263 પૈકી 1, જેનું ક્ષેત્રફળ 0.72-85 હે.આરે. ચો.મી. જેનો ટી.પી. નં. 13, એફ.પી. નં. 156, વાળી જમીન.<br>---<br>રે.સર્વે નં. 228, જેનું ક્ષેત્રફળ 0-10-96 હે.આરે. ચો.મી. બીનખેતીની જમીન જેનો ટી.પી. નં. 13, એફ.પી. નં. 155, તથા રે.સર્વે નં. 472/1/બી/પૈકી, 552/1.<br>---<br>રે.સર્વે નં. 180/1, ટી.પી. નં. 32, એફ.પી. નં. 134 માં આવેલ !! રામેશ્વર રો-હાઉસ !! ના બંગલા નં. 18, 19, | | કમલેશભાઇ રમેશભાઇ પટેલ | | ૦૮/૦૭/૨૦૧૪<br>૦૮/૦૭/૨૦૧૪ | ૧૦૧૬૬ | |

તારીખ : ૨૭/૦૯/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર

એસ.આર.ઓ - SURAT CITY

2035 - -

2017

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૧૧૧[illegible] ગામ નું નામ : ADAJAN

મિલ્કતનું વર્ણન 157

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -12 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને [illegible] થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ, મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________ સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| | દાવાની વિગતઃ- મહેરબાન સુરતના પ્રિન્સીપલ સીવીલ જડજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ. નં. 260/14 | | | | | | | |

તારીખ : ૨૭/૦૯/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - SURAT CITY

મિલકતનું વર્ણન 228

Search in : અડાજણ/ADAJAN

પહોંચ નંબર: ૨૦૧૭૦૧૮૦૬૧૬૭૪ અરજી નંબર: ૪૦૫૭૪ અરજી વર્ષ: ૨૦૧૭

તા: ૨૫ માહે: સપ્ટેમ્બર સને: ૨૦૧૭

રજુ કરનારનું નામ એ એલ.પટેલ

THE SEAL OF THE SUB REGISTRAR SURAT CITY-1 (ATHVA)

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | ૦ |
| શોધ અગર તપાસણી........ Year : ૧૯૮૭ ૨૦૧૬ | ૨૬૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી........ | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૨૬૦ |
|---|---|

અંકે રૂપીયાબસો સાઇઠ પુરા.

દસ્તાવેજ / નકલ ........ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં ........ આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( G S METALIYA )
સબ રજીસ્ટ્રાર
SRT/1/ATV

2005
2016

સુપ્રિટેન્ડેન્ ફ સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૦૫૬૪ ગામ નું નામ : ADAJAN

મિલ્કતનું વર્ણન 228

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -11 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ આકાર અથવા જુડી નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|
| ફારગતી<br><br>રૂ. ૪૯૦૦૦૦ | 1. ખુલ્લી જમીન-બીન ખેતીકીય રે.સર્વે નંબર 360/1, પૈકી ટી.પી. નંબર 14 (રાંદેર-અડાજણ) ઓ.પ્લોટ નંબર 1, જેનો ફા.પ્લોટ નંબર 12 જેનુ ક્ષેત્રફળ 10967 ચો.મી. જે બીનખેતીવાળી જમીન પૈકી રે.દફતરે 360/1/5 જેનુ ક્ષેત્રફળ 0-33-49 હે.આરે.ચો.મી. જેનો આકાર 11.22 પૈસા છે. બીનખેતી વાળી ખુલ્લી જમીનના 7/12 મા જણાવેલ ક્ષેત્રફળ 0-33-49 પૈકી વ.વહે.હિસ્સાની 0-30-15 હે.આરે.ચો.મી. યાને મુળ જમીનના ફા.પ્લોટ નંબર 1 નુ ક્ષેત્રફળ 10967 ચો.મી. પુર્વ-દક્ષિણ દિશા તરફની 2875 | મહેશભાઈ જગજીવનભાઈ બેજનવાલા<br>અરવિંદભાઈ જગજીવનભાઈ બેજનવાલા<br>સોમીબેન તે જગજીવનભાઈ કાલીદાસની વિધવા<br>કિશોરભાઈ ડાહ્યાભાઈ<br>મુકેશભાઈ ડાહ્યાભાઈ<br>ભરતભાઈ ડાહ્યાભાઈ<br>રમાબેન તે ડાહ્યાભાઈ ગોવિંદભાઈ દેવકર ની છોકરી તે નવીનભાઈ નારણભાઈની ધણીયાણી | ધનસુખભાઈ જગજીવનભાઈ બેજનવાલા<br>હસમુખભાઈ જગજીવનભાઈ બેજનવાલા | ૧૪/૧૧/૨૦૦૭<br><br>૧૪/૧૧/૨૦૦૭ | ૧૩૭૧૩ | |

તારીખ : ૨૫/૦૮/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - SURAT CITY

2005 સુપ્રિટેન્ડે… ેફ સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિ… - ગુજરાત રાજ્ય )

2016

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૦૫૭૪ ગામ … : ADAJAN

મિલ્કતનું વર્ણન 228

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -11 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામાં આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા______________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| | ચો.મી. જમીન ઉપર<br>મંજુર પ્લાન મુજબ રો-હાઉસ/એપા.,<br>તથા સી.ઓ.પી. વાળી ખુલ્લી જમીન<br>પૈકી વ.વહે.હિસ્સો 2587.50 ચો.મી. | | | જશુબેન તે ડાહ્યાભાઈ<br>ગોવિંદભાઈ દેવકર ની<br>છોકરી તે અશોકભાઈ<br>વિઠ્ઠલભાઈની ધણીયાણી<br>હિનાબેન તે પ્રવિણભાઈ<br>ડાહ્યાભાઈની વિધવા<br>માધુરીબેન તે પ્રવિણભાઈ<br>ડાહ્યાભાઈની છોકરી વતી<br>અને તરફથી તેના કુદરતી<br>વાલી અને માતૃશ્રી<br>હિનાબેન તે પ્રવિણભાઈ<br>ડાહ્યાભાઈની વિધવા<br>સૌરભકુમાર પ્રવિણભાઈ<br>ડાહીબેન કાળીદાસભાઈ<br>બેજનવાલા | | | | |

તારીખ : ૨૫/૦૯/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - SURAT CITY

2005

2016

સુપ્રિટેન્ડે. ોફ સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ ( : - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૦૫૭૪ ગામ નું નામ : ADAJAN

મિલ્કતનું વર્ણન 228

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -11 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામાં આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) ક્ષેત્રફળ આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | ચંદુભાઈ કાળીદાસભાઈ બેજનવાલા<br>ભાણકીબેન કાળીદાસભાઈ બેજનવાલા | | | | |

તારીખ : ૨૫/૦૯/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - SURAT CITY

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૦૫૭૪ ગામ નું નામ ADAJAN

મિલ્કતનું વર્ણન 228

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -11 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાંની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઇ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ફારગતી<br><br>રૂ. ૧૦૦૬૩૦૦ | 1. Non-Agriculture (Open Plot)<br>રે. સર્વે નં. 360/1 (કોમ્પ્યુટર રાઈઝ 7/12 મુજબ રે.સ.નં. 360/1/5) પૈકી, જેનું કુલ ક્ષેત્રફળ 3349.00 ચો.મી., ટી.પી. નં. 14, ફા.પ્લોટ નંબર 1, મુજબ કુલ ક્ષેત્રફળ 10967.00 ચો.મી. પૈકી, પૂર્વ-દક્ષિણ દિશા તરફની 2875.00 ચો.મી. જમીનમાં વણ વહે.20% હિસ્સા માંથી બીજા પક્ષનાનો વણ વહે.1/6 હિસ્સા મુજબ ગણતરી કરતા 7/12 મુજબ 111.63 ચો.મી., તથા ફા.પ્લોટ મુજબ 95.83 ચો.મી. | | | ધનુબેન ઉર્ફે ભાનુમતિબેન તે જગજીવનભાઈ કાળીદાસની પુત્રી તથા હસમુખભાઈ છગનભાઈ ભંડારીની ધણીયાણી | ધનસુખભાઈ જગજીવનભાઈ બેજનવાલા<br>હસમુખભાઈ જગજીવનભાઈ બેજનવાલા | ૨૮/૦૪/૨૦૧૦<br><br>૨૮/૦૪/૨૦૧૦ | ૫૬૭૭ | |

તારીખ : ૨૫/૦૯/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર ઓ - SURAT CITY

2005 સુપ્રિટેન્ડેન્ટ ...ફ સ્ટેમ્પ... અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિ... - ગુજરાત રાજ્ય)

2016

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in એ એલ.પટેલ

અરજી નંબર : ૪૦૫૭૪ ગામ નું નામ ADAJAN

મિલ્કતનું વર્ણન 228

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - SURAT CITY મા -11 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુંધીના નોધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને તેમાંની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|
| ફારગતી<br>રૂા. ૦ | રે.સ.નં. 228, જેન ક્ષેત્રફળ 00-96-11 હે.આરે.ચો.મી., ટી.પી.સ્કીમ નં. 13, ફા.પ્લોટ ન. 155, જેનુ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ 1096.00 ચો.મી. વાળી બીનખેતીની જમીન | નીરૂબેન તે નગીનભાઇ ડાહ્યાભાઇ પટેલની વિધવા | રમેશભાઇ નગીનભાઇ પટેલ<br>ભરતભાઇ નગીનભાઇ પટેલ | ૨૮/૦૩/૨૦૧૪<br>૨૮/૦૩/૨૦૧૪ | ૪૭૫૫ | |

તારીખ : ૨૫/૦૯/૨૦૧૩

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - SURAT CITY